# લોકડાઉન... સરકારનું નહિ, સ્વયંનું લાવીએ

## શનિ-રવિનું સ્વૈચ્છિક લોકડાઉન પાળીને નવો ચીલો ચાતરીએ : સરકારના નિર્ણયોને અમલવારીમાં આભ-જમીનનો તફાવત : ટેસ્ટીંગ, ટ્રેસીંગ અને ટ્રીટમેન્ટમાં તંત્રની લાલીયાવાડી

**સમયસર**

ગુજરાત અને ગાંધીનગરની સ્થિતિ વધુ ને વધુ ચિંતાજનક બની રહી છે. લોકડાઉન કે કરફ્યુના ડર કે અફવાઓનો ગુરૂવારના પ્રધાનમંત્રીના પ્રવચનથી છેદ ઉડી જાય છે. હવે લોકડાઉન કે કરફ્યુ નથી આવવાનો એ સ્પષ્ટ બને છે. ત્યારે આપણે અને આપણા પરિવારોને કોરોનાના સંક્રમણથી બચાવવા જ પડશે. સંક્રમણની ચેઈન તોડવા રોજીંદી અવર-જવર પર કરફ્યુ જેવો સંયમ પાળવો પડશે. સરકારનું લોકડાઉન તો નહીં આવે પણ સ્વયંનું લોકડાઉન હવે અનિવાર્ય બને છે. સંક્રમણના પક્ષકાર કે વાહક ના બનીએ એની કાળજી રાખવા ઘરની બહાર અઠવાડિયાની ખરીદી એકાદ-બે કલાકમાં ખરીદી અઠવાડિયાની સલામતી મેળવી લઈએ. આ સામાન્ય ઉપાયો કરવા પડે એવી સ્થિતિનું નિર્માણ થયુ છે. શાસન કે પ્રશાસન કોઈ જોખમ ખેડવા તૈયાર ના હોય ત્યારે આપણી જવાબદારી વધતી જાય છે. એટલે આપણે આપણી જાતને જો સંભાળી લઈશુ તો વિશ્વને કે દેશને કે રાજ્યને એટલો બોજો તો ઓછો થશે..!! આપણે શરૂઆત કરીએ આ શનિ-રવિથી સ્વયંના સંયમની..!

આ થઈ સમાજની વાત. કેટલીક સરકારની વાતોમાં પણ સ્થિતિ ચિંતાજનક છે. રોજેરોજ બદલાતી સ્થિતિમાં રોજ નવા નવા નિર્ણયો લેવાઈ રહ્યાં છે, પરંતુ કેટલા વાસ્તવિક છે... કેટલો એનો અમલ થઈ શકે તેમ છે... અને કેટલાનો લાભ આમ આદમી સુધી પહોંચાડી શકાય તેમ છે. પરિસ્થિતિ વિચિત્ર છે. સારવાર માટે સરકારે ૧૫૦૦૦ બેડની જાહેરાત કરી છે. જ્યારે આજે ગુજરાતમાં ૧૮૦૦૦ થી વધારે સક્રિય દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. હવે નવો વોર્ડ અને નવા બેડમાં એની માળખાકીય સુવિધાઓ ચપટી વગાડીને ઉભી નહી થઈ શકે. ડૉક્ટરો અને નર્સિંગ સ્ટાફ રાતોરાત નોકરી પર કેવી રીતે હાજર થશે..?! આજે પણ હજ્જારો દર્દીઓને ઓક્સિજનની જરૂરીયાત છે એમાં પણ ભારે વિટંબણાઓ ઉભી થઈ રહ્યાના અહેવાલો માધ્યમોમાં વહેતા રહ્યા છે. ઓક્સિજનની ક્ષમતા કેટલા પ્રમાણમાં ક્યારે વધશે તે વિકટ પ્રશ્ન છે. નાની-મોટી ખાનગી હોસ્પિટલો પણ ઓક્સિજનનો જથ્થો મેળવવા રોજેરોજ ફાંફે ચડે છે, અને આ સમસ્યા નાની સુની નથી. કોરોનાના રામબાણ ઈલાજ તરીકે વપરાતા રેમડેસિવિર ઈન્જેક્શનની અસર આજે પણ છે. ક્યાંક કાળા બજાર થાય છે અને ક્યાંય લાચારીનો લાભ પણ લેવાય છે. ઉચ્ચકક્ષાએ નિષ્ઠાપૂર્વક નિર્ણયો લેવાયા પણ એમાં અમલવારી કરનારા તંત્રમાં પણ ખુબ જ લાલીયાવાડી ચાલે છે તે તો સ્વીકારવું જ પડશે. કેટકેટલાં ઠેકાણે સરકારી હોસ્પિટલોમાં ઉદ્ધત વર્તનની ફરીયાદો સવાર-સાંજ આવે છે. ટેસ્ટીંગ-ટ્રેસીંગ અને ટ્રીટમેન્ટ ઉપર ભારતના પ્રધાનમંત્રી હોય કે મુખ્યમંત્રી પરંતુ વાસ્તવમાં આ ત્રણેય પ્રક્રિયામાં રાજ્યમાં અને દેશમાં ખુબ જ વિસંવાદિતતા છે. તંત્ર માને કે ના નામે ટ્રેસિંગની કોઈ પ્રક્રિયા ક્યાંય થતી નથી. ટેસ્ટીંગમાં એક વખતે દર્દી પોઝીટીવ થયા બાદ તેની હાલત માટે કોઈ કાળજી તંત્ર દ્વારા લેવાતી નથી. ટ્રીટમેન્ટમાં દરેક દર્દી પોતાની વગ અને પૈસાના જોરે સુવિધાઓ મેળવે છે. બાકી સરકાર કંઈ કરતી હોય તેવું ક્યાંય દેખાતુ નથી. હા..! સિવિલમાં દાખલ થાય દર્દી અને ઝડપથી કેમ રજા અપાય તેની વ્યવસ્થા ગોઠવવામાં તંત્ર વ્યસ્ત હોય છે. આ માત્ર કોઈ એક શહેર કે જિલ્લાની વાત નથી સમગ્ર રાજ્ય અને દેશની વાત છે એટલે જે કંઈ નિર્ણયો શિખરે લેવાય છે એ તળીયા સુધી પહોંચતા નથી..! સરકારની ઈચ્છા શક્તિ હોવા છતાંય આજે પણ સમસ્યાઓથી ખુબ ગંભીર રીતે ઘેરાયેલો છે. સમાજ ભારે ચિંતામાં છે અને સરકાર રઘવાઈ બનીને આડેધડ નિર્ણયો લઈ રહી છે. ત્યારે હવે તો સૌ સ્વયં રક્ષક બની જાય અને કોરોના યુદ્ધના નિષ્ઠાવાન સૈનિક બનીને કોરોનાને મ્હાત કરીએ એવી શક્તિ સૌમાં પ્રગટે એવી પ્રાર્થના જ આજનું હાથવગુ હથિયાર છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ગયા લોકડાઉનમાં તુ જેટલું કામ કરાવતી હતી તેટલું જ કરવાનું કે કાંઈ વધાર્યું...??

# ગાંધીનગર સિવિલમાં કોરોનોગ્રસ્ત મહિલાના મૃત્યુ બાદ સોનાના દાગીના ગાયબ..!

**મૃતક મહિલાનો સામાન અને ચાંદીના દાગીના મળ્યા પણ સોનાના દાગીના ગાયબ, પરિવારજનોનો ચોરીનો આક્ષેપ, સિવિલ તંત્રની યોગ્ય તપાસની હૈયાધારણા**

ગાંધીનગર, તા.૯

વૈશ્વિક મહામારીના ખપ્પરમાં ગુજરાત હોમાઈ રહ્યું છે. કોરોના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે પાટનગરમાં પણ કોરોના કોહરામ મચાવી રહ્યો છે. દર્દીઓની સંખ્યામાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે.જયારે બીજીતરફ મૃત્યુઆંક પણ અચાનક ઉછાળો આવતા તંત્ર પણ ચોકી ઉઠ્યું છે. ત્યારે ફરીવાર કોરોના પોઝીટીવ મૃતકોના શરીર પર દાગીના ગાયબ થવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં સેકટર-૧૯ ખાતે રહેતી એક મહિલાના અવસાન બાદ તેમના શરીર પરથી સોનાના દાગીના ચોરી થયાનો આક્ષેપ કર્યો છે. આ બનાવને પગલે આપ પાર્ટીના ઉમેદવાર પણ ન્યાય અપાવવા માટે ગાંધીનગર સિવિલ દોડી આવ્યા હતા.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૧૯ ખાતે રહેતા ભરતભાઈ ગોહિલના પત્ની હંસાબેનને શરીરમાં તાવ હોવાથી પ્રાથમિક સારવાર લીધી હતી. પરંતુ શરીરમાં કોઈ ફરક ન પડતા તેઓએ કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. જેમાં કોરોના પોઝીટીવ આવતા સારવાર માટે તેઓ ગાંધીનગર સિવિલ એડમીટ થયા હતા. ત્યારબાદ ગતરોજ મધ્યરાત્રીએ સારવાર દરમિયાન હંસાબેનનું મૃત્યુ નિપજયુ હતુ. ત્યારબાદ હંસાબેનના શરીર પર રહેલા દાગીનાની ચોરી થઈ હોવાનો આક્ષેપ પરિવારના સભ્યો કરી રહ્યા છે. ત્યારે મનપાના વોર્ડ નં.૫ માં આપના ઉમેદવાર ચુંટણી પ્રચાર માટે નીકળ્યા હતા. તે સમયે ભરતભાઈએ સિવિલમાં પોતાની પત્નીના મૃતદેહ પરથી દાગીના ગુમ થયાની જાણ કરી હતી. જેને પગલે નિકુંજભાઈએ પોતાનો ચુંટણી પ્રચાર અટકાવી કાર્યકરો સાથે સિવિલ દોડી ગયા હતા. મૃતક દર્દીના શરીર પરથી દાગીના ગાયબ અંગે પુછતા સિવિલ તંત્રએ આ અંગે યોગ્ય તપાસની હૈયાધારણા આપી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં ૧૧ એપ્રિલથી શરૂ થઈ રહેલા રસીકરણ મહોત્સવને લઈ મુખ્યમંત્રી રૂપાણી આજે જિલ્લાના પદાધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સથી વાત કરી હતી.
- ગાંધીનગર શહેરમાં બે દિવસની રજા હોવાથી આજે બપોર પછી કચેરીઓમાં કર્મયોગીઓની હાજરી ઓછી જોવા મળતી હતી.
- સચિવાલય સેકશન ઓફિસર્સ એશો.એ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી ૧૨મીની રજા જાહેર કરવા આગ્રહભરી અપીલ કરી છે.
- સચિવાલયમાં આજે નાણાં વિભાગના એક નાયબ સચિવ કોરોનાથી સંક્રમિત થયાની વાતને લઈ સચિવાલયમાં સન્નાટો વધુ ઘેરો બન્યો હતો.
- કોરોનાના કહેર વચ્ચે ગાંધીનગરના મુલાકાતીઓમાં ધરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે.
- જિલ્લા કલેક્ટર કુલદીપ આર્ય આજે માણસા ગયા હતા તેમણે ડીસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.
- બિંદુ દૈનિકના તંત્રી અને વિસનગરા નાગર સમાજના અગ્રણી મહેશભાઈ દેસાઈનું દુઃખદ અવસાન થયું છે.
- વોર્ડ નં. ૯ના ભાજપના મહિલા ઉમેદવાર શૈલાબેન ત્રિવેદી કોરોનાથી સંક્રમિત થયા છે.
- આજે વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણી કરવામાં આવશે.
- ગાંધીનગર જિલ્લામાં આજે સાંજે ટ્રાફિકનું ભારણ સાવ ઘટી ગયું હતું અને કરફ્યુની અમલવારી પણ તંત્રએ કડક હાથે શરૂ કરી હતી.

# ભાજપના ઉમેદવારે આપ પાર્ટીના વોર્ડ પ્રમુખને કલેક્ટર કચેરીમાં માર માર્યો

**વોર્ડ નં. ૩ ના ભરત ગોહિલ તથા તેના સાગરિતોએ આપના વોર્ડ નં. ૩ ના વોર્ડ પ્રમુખ સંજય ડોડિયાને ગદડાં-પાટુનો માર માર્યો : સખત કાર્યવાહી કરવાની માંગ કરતી આમ આદમી પાર્ટી**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના મહાનગર પાલિકાની ચૂંટણી જંગમાં આજે હિંસાનો પણ પ્રારંભ થઈ જવા પામ્યો છે. આજે બપોરે કલેક્ટર કચેરી ખાતે વોર્ડ નં. ૩ ના આમ આદમી પાર્ટી અને ભાજપના ઉમેદવારો તથા કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતુ જેમાં ભાજપના ઉમેદવારે આપ પાર્ટીના વોર્ડ નં. ૩ ના વોર્ડ પ્રમુખને ગદડાં-પાટુનો માર માર્યો હોવાનો આરોપ લગાડ્યો હતો અને તે સાથે આપ પાર્ટીએ ભાજપના ઉમેદવાર સામે કાર્યવાહી કરવા માંગ કરી હતી.



આમ આદમી પાર્ટી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આજે કલેક્ટર કચેરીમાં વોર્ડ નં. ૩ ના પ્રમુખ સંજય ડોડીયાને ભાજપના વોર્ડ નં. ૩ ના જ ઉમેદવાર ભરત ગોહિલ અને તેના સાગરિતો દ્વારા ગડદા-પાટુનો માર મારવામાં આવ્યો છે અને તેમાં સંજય ડોડીયાના ગુપ્તાંગ ભાગે પણ લાતો મારવામાં આવી હોવાનું જણાવ્યુ હતુ. આજે બપોરના સમયે કલેક્ટર કચેરીએ અચાનક એકઠાં થઈ ગયેલા આપ પાર્ટી તથા ભાજપના ઉમેદવારો અને કાર્યકરો વચ્ચે કોઈ મુદ્દે બોલાચાલી થઈ હતી જેને અનુલક્ષીને મામલો હાથાપાઈ સુધી પહોંચી ગયો હતો. આ દરમ્યાન ભરત ગોહિલ તથા તેના સાગરિતો દ્વારા સંજય ડોડિયાને ગદડા-પાટુ તથા તમાચા મારવામાં આવ્યા હતા જેને પગલે ઈજાગ્રસ્ત સંજય ડોડિયાને સિવિલ હોસ્પિટલ લઈ જવાયાં હતા જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. બીજી તરફ ભરત ગોહિલ તથા તેના સાગરિતો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. આમ પાર્ટી દ્વારા આ મુદ્દે સીસીટીવી ફુટેજના આધારે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# સિવિલમાંથી અપહરણ થયેલ બાળક બનાસકાંઠાથી મળી આવ્યું

**બાળકને શોધવા માટે પોલીસની ૧૨ ટીમો કામે લાગી હતી. રાત-દિવસ કામ કરીને માત્ર ૭ દિવસમાં બાળકનું માતા સાથે મિલન, પોલીસે મહિલાને શોધવા ૨૦૦ સીસીટીવીના ફુટેજ અને ૫૦૦ રીક્ષાચાલકોની પુછપરછ કરી, આરોપી મહિલા અને પુરૂષની ધરપકડ**

પાટનગરની સિવિલ હોસ્પિટલમાંથી નર્સ તરીકેની ઓળખ આપી અજાણી મહિલા એક નવજાત બાળકને લઈ પલાયન થઈ ગઈ હતી. તા.૧ એપ્રિલના રોજ બનેલા બનાવમાં શહેર પોલીસે માત્ર ૭ દિવસમાં રાત-દિવસ એક કરીને બાળકને બનાસકાંઠાના વગદા ગામેથી મળી આવતા માતા-દિકરાનો મેળાપ થયો હતો. પોલીસે મહેસાણાના કડી તાલુકાના રાજપુરના અસ્મિતા ડાહ્યાભાઈ ભારથી (ઉં.૩૦) અને જીગ્નેશ જગદીશભાઈ ભારથી (ઉં.૩૫)ને બનાસકાંઠાના વગદા ખાતેથી પકડી પાડ્યા હતા. પોલીસે બંન્ને આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ ત્રિ-મંદિર પાસે કાચા છાપરામાં રહેતા અને મુળ રાજસ્થાનના ૧૯ વર્ષિય રાકેશ મીઠુનાથ કાલભેલીયા પોતાની પત્ની ગાયત્રી દેવી સાથે રહે છે. ગાયત્રીદેવીને પ્રસુતાની પીડા ઉપડતા ગાંધીનગર સિવિલ સારવાર માટે આવ્યા હતા. જયાં ગાયત્રીદેવીએ બાળકને જન્મ આપ્યો હતો. ત્યારબાદ સિવિલમાંથી રજા આપવામાં આવી હતી. તે સમયે અસ્મિતા દંપતિ પાસે આવી હતીઅને પોતાની ઓળખ નર્સ તરીકેની આપી હતી. જયારે દંપતિને હોસ્પિટલમાંથી બાળકની દેખરેખ માટે ઘરે આવતી હોવાનું જણાવ્યું હતું. માતા-પિતા અને બાળક સાથે અસ્મિતા પણ ખિલખિલાટમાં બેસીને અડાલજ આવી હતી. એક દિવસના રાત્રી રોકાણ બાદ બીજા દિવસે સવારના ૧૦ વાગ્યાના અરસામાં ગાયત્રી દેવની ટાંકા તોડાવવા અને અને બાળકનું ચેકઅપ કરવા માટે હોસ્પિટલ જવાની વાત કરી હતી. જેથી ગાયત્રી દેવી અને અસ્મિતા રીક્ષામાં સિવિલ હોસ્પિટલ ખાતે આવ્યા હતા. ત્યારબાદ બાળકનું વજન કરાવીને આવુ છુ તેમ કહી અસ્મિતા બાળકને લઈને પલાયન થઈ ગઈ હતી. સિવિલમાંથી નવજાત બાળકના અપહરણ ને પગલે પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી.

જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની સુચનાથી ડીવાયએસપી એમ.કે.રાણાના માર્ગદર્શન હેઠળ એલસીબી-૧,એલસીબી-૨, એસઓજી, સેકટર-૭, સહિત પોલીસની ૧૨ ટીમો વિવિધ દિશામાં કાર્યરત હતી. આ ટીમના જવાનોએ સીસીટીવી ફુટેજ, ટેકનીકલ સર્વેલન્સની ચકાસણી માટે કલાકો સુધી કામ કરીને ખાનગી બાતમીદારોને પણ સક્રિય કરીને માહિતી મેળવવા પ્રયાસ કર્યા હતા.પોલીસની ટીમો દ્વારા ચોવીસ કલાક ગાંધીનગર શહેરી વિસ્તાર, સિવિલ હોસ્પિટલ, અડાલજ, કલોલ, છત્રાલ નંદાસણ, કડી સહિત આસપાસના ગામ અને હાઈ વે પરના અંદાજીત ૨૦૦ થી વધુ સીસીટીવી ફુટેજ ચેક કરી ૫૦૦થી વધુ રીક્ષા ચાલકોની પુછતાછ કરી હતી. પોલીસે ગામ, મહોલ્લા, શેરીઓ,અને ખેતરો તેમજ બોરકુવા પણ ખુંદી વળ્યા હતા. ત્યારે ગુરુવાર સવારે મહિલા રાજપુર ગામની સીમમાં બોરકુવા પર હોવાની માહિતી મળી હતી. જેથી પોલીસની ટીમ તાત્કાલીક ત્યાં પહોંચી ગઈ હતી. પરંતુ તે પહેલા આરોપી ભાગી ગયા હતા.

બોર માલિકની પુછતાછ કરતા આરોપી મહિલા બનાસકાંઠાના હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસની ટીમ બનાસકાંઠા રવાના થઈ હતી. બનાસકાંઠાના વગદા ગામના ખેતરમાંથી પોલીસને નવજાત બાળક હેમખેમ મળી આવતા રાહતનો શ્વાસ લીધો હતો. જયારે આરોપી અસ્મિતા અને જીગ્નેશને પકડી પોલીસ ગાંધીનગર લઈ આવી છે. પોલીસે બાળકને ગાંધીનગર સિવિલ ખાતે ઓબઝર્વેશનમાં રાખ્યા બાદ પરિવારને સોંપ્યું હતું. ઉલ્લેખનીય છે કે આરોપી મહિલાના દાંત પર સોનાની રેખ ચડાવેલી હતી અને મોઢા પર છુંદણાનું નિશાન હોવાનું જાણવા મળતા પોલીસે તે દિશામાં તપાસ આરંભી હતી.

### અસ્મિતા ભારથીએ નવજાત બાળકનું અપહરણ કેમ કર્યું

અસ્મિતાને અગાઉના પતિથી ચાર સંતાનો છે. જયારે અસ્મિતા હાલ સહ આરોપી જિગ્નેશ સાથે રહે છે. ત્યારે જિગ્નેશને પણ આગળની પત્નિથી ત્રણ દિકરીઓ છે. જેથી પુત્રનો જન્મ થશે તો જ જિગ્નેશ તેની સાથે રહેશે તેવો ભય તેને સતાવી રહ્યો હતો. અસ્મિતાને પોતાને બાળક રહેવાની સંભાવના નહી હોવાના ડરને પગલે અસ્મિતાએ સિવિલ હોસ્પિટલમાંથી ગાયત્રી દેવીના દિકરાનું અપહરણ કર્યું હતું.



આકરા ઉનાળાનો પ્રારંભ થઈ ચુકયો છે. દિવસે જાણે આકાશમાંથી અંગારા વરસી રહ્યા છે. સૂર્યનારાયણ તેમનો આકરો મિજાજ દર્શાવી રહ્યા છે. બપોરે પડતો આકરો તડકો થકવી નાંખે છે. ગાંધીનગર રાજયનું હોટેસ્ટ સીટી બની રહ્યું છે. અમદાવાદ કરતાં પણ વધુ ગરમી ગાંધીનગરમાં પડી રહી છે. આવી કાળઝાળ ગરમીમાં શ્રમિકો ઠંડક અને છાંયડા માટે બસ સ્ટેન્ડનો સહારો લઈ રહ્યા છે. બસ સ્ટેન્ડ તેમના માટે આશીર્વાદ સમાન બની રહ્યા છે.

# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ તરફી 'ફાયર સેફટી પ્રોગ્રામ' તથા 'ઈ એલ્યુમીની ટોક'નું આયોજન

ગાંધીનગર, તા.૯

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા તાજેતરમાં 'ફાયર સેફટી પ્રોગ્રામ' તથા 'ઈ એલ્યુમીની ટોક'નું આયોજન કરવામાં આવ્યું હતું, આ ટોક નું આયોજન માઈક્રોસોફ્ટ ટિમના માધ્યમથી ઓનલાઈન કરવામાં આવ્યું હતું.

ફાયર સેફટી અવેરનેસ પ્રોગ્રામ અંતર્ગત મુખ્ય વકતા નિશિત પટેલ (અસોસિયેટ પ્રોફેસર, ASPBRI) તરફ થી વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે પ્રાયોગિક કાર્ય દ્વારા તથા અન્ય જગ્યા પર આમ લોકો તો તે સમયે કેવી રીતે વર્તવું તથા ક્યાં પ્રકારની સાવચેતીઓ રાખવી તે અંગે માહિતગાર કર્યા હતા આ ઉપરાંત ક્યાં ક્યાં પ્રકાર ના Extinguishar ઉપયોગ માં લઈ શકાય તથા તેમની મુખ્ય કાર્ય અંગે માહિતી આપી હતી. આગ લાગે ત્યારે વ્યક્તિની સુજબૂજ થી કેવી રીતે વર્તવું તથા માનસિક સભાનતા શું ભાગ ભજવે છે અને કેવી રીતે સ્વસ્થતા મેળવવી એ બધી બાબતો ઉપર વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમના ભાગ રૂપે



મોકડ્રિલ યોજાઈ હતી. જેમાં લાગેલી આગ ઉપર Extinguishar ના ઉપયોગ થી કેવી રીતે કાબૂ મેળવી શકાય તેનું પ્રશિક્ષણ અપાયું હતું.

'ઈ એલ્યુમીની ટોક' માં વક્તા તરીકે અર્થ જયેશ પંડ્યા (પ્લાન્ટ મેનેજર, નિકોલ હેલ્થ કેર પ્રાઈવેટ લિમિટેડ, જી.આઇ.ડી.સી) ને આમંત્રિત કરાયા હતા. જેમાં તેમને મુખ્યત્વે 'C-GMP એન્ડ Industrial Management' વિષય ઉપર પોતાનું જ્ઞાન રજૂ કર્યું હતું. આ ટોકનું આયોજન બી.ફાર્મ અંતિમ સત્ર તથા એમ.ફાર્મ ના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને કરાયું હતું. આ કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિષય અનુરૂપ પ્રશ્નો પૂછ્યા હતા અને તેના સંતોષકારક જવાબ અર્થ પંડ્યા ધ્વારા આપવામાં આવ્યા હતા. આખરમાં જૈમિન પટેલે વકતા શ્રી તથા તમામ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રતિદિન એક કીલોગ્રામ ચોખાની યોજના

ગાંધીનગર, તા. ૬

ઉત્તર ત્રીપુરાના શાંતીપુર ગામમાં સમ્રાટ નામના કાર્યકરના ઘરે ટીનનું મોટુ પીપ મુકવામાં આવ્યુ છે.

૧૮ લાભાર્થી જેમને બે ટંકનુ ભોજન નથી મળતુ તેમનુ લીસ્ટ બનાવી તેના ઘરે એકત્રીત કર્યા. ૧ કી.ગ્રા. ચોખાનું વિતરણ કર્યુ. ૬૦૦ કી.ગ્રા.નો સ્ટોક બાજુમાં કરી દેવાયો છે. પીપમાં ૫૦ કી.ગ્રા. ચોખા ભરી રોજ ૧૦-૧૨ માં વિતરણ કરાય છે. તેમનો આપેલ કાર્ડ સાથે રાખવાનું હોય છે. રોજ અથવા જસર હોય ત્યારે ચોખા પ્રાપ્ત થાય છે. શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા આ અનોખો અન્નદાનનું કાર્ય શરૂ કરાયુ છે.